**ક્રમાંક:** DST/UID/e-file/24/2025/0723/E-Governance
વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ
બ્લોક નંબર:૭, ૫મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી ,
તમામ વહીવટી વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**વિષય:** **આધારકાર્ડને માત્ર ઓળખના પુરાવા તરીકે માન્ય રાખવા તેમજ આધારકાર્ડને જન્મ તારીખના પ્રમાણપત્ર તરીકે ઉપયોગ ન કરવા અંગે.**

**સંદર્ભ:** **૧. UIDAI, પ્રદેશ કચેરી, મુંબઈ ઇ-મેઇલ તારીખ: ૦૪.૦૬.૨૦૨૫**

**૨.UIDAI, નવી દિલ્હી પત્ર: ક્રમાંક HQ-13065/1/2022-AUTH-II HQ/ તારીખ: ૨૩.૦૪.૨૦૨૪.**

શ્રીમાન/ મહોદયા,

વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગુજરાત સરકારના વિવિધ વિભાગો/બોર્ડ/નિગમને ઈ-કેવાયસી અને પ્રમાણીકરણ સેવાઓ પ્રદાન કરવા માટે ભારત સરકારના UIDAI હેઠળ AUA/KUA અને ASA તરીકે ગુજરાત રાજ્યમાં નોંધાયેલ છે.

૨. ઉપરોક્ત સંદર્ભ (૧) અને (૨) અન્વયે, યુઆઈડીએઆઈ, પ્રદેશ કચેરી, મુંબઈ તથા યુઆઈડીએઆઈ, નવી દિલ્હીના પત્રો અનુસાર **(નકલ સામેલ છે)**, આધારકાર્ડને માત્ર ઓળખના પુરાવા તરીકે માન્ય રાખવા તેમજ આધારકાર્ડને જન્મ તારીખના પ્રમાણપત્ર તરીકે ઉપયોગ ન કરવા અંગે જણાવેલ છે તેમજ આ બાબત અંગે રાજ્યના તમામ સરકારી વિભાગ તથા વિભાગ હસ્તકની તમામ ખાતાના વડાની કચેરી તથા જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરના તમામ સંલગ્ન એકમો સુધી જાણ કરવા તેમજ કોઈ પણ પરિસ્થિતિમાં આધાર કાર્ડનો ઉપયોગ જન્મ તારીખના પુરાવા તરીકે ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવેલ છે.

૩. આથી, **આધારકાર્ડને માત્ર ઓળખના પુરાવા તરીકે માન્ય રાખવા તેમજ આધારકાર્ડને જન્મ તારીખના પ્રમાણપત્ર તરીકે ઉપયોગ ન કરવા અંગે વિભાગ તથા વિભાગ હસ્તકની તમામ ખાતાના વડાની કચેરી તથા જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરના તમામ સંલગ્ન એકમો સુધી જાણ કરવા તથા સુનિશ્ચિત કરવા વિનંતી છે.**

આપનો વિશ્વાસુ,

(આર.સી. દેસાઇ)
નાયબ સચિવ(આઇ.ટી.)
વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ.

**બિડાણ: ઉપર મુજબ.**

**નકલ રવાના:**

૧. નિયામકશ્રી, નિયામક આઇ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.

૨. મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમીટેડ, ગાંધીનગર.

૩. સેક્શન અધિકારીશ્રી, સંકલન શાખા, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગ હસ્તકની તમામ ખાતાના વડાની કચેરી/સંસ્થાને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

*Signature Not Verified*

*Signed by:R C Desai*
*Deputy Secretary*
*Date:2025.07.01*
*10:44:07 +5:30*